


"અરે આ શું માંડ્યું છે તમારા પક્ષે..?! ગાંધીનગરમાં જ ધજાગરા કરો છો..?!"

"શું શું શું થયું..?!"

"ઓ હો..! તમે તો જાણે કશું જાણતા જ નથી એવો દેખાવ કરો છો..! હવે પાકા રાજકારણી..!"

"...પણ વિગતે વાત કરો તો ખબર પડે..! આમ ગોળ ગોળ વાતો શું કરો છો..!!"

"કેમ જોયું નહીં..?! આજે મનપાની સામાન્ય સભામાં તમારા પક્ષની જુથબંધી સીધી દેખાઈ ને..?! ગાંધીનગરના ઈતિહાસમાં નહિં પણ કોઈપણ મહાનગરના ઈતિહાસમાં પહેલી ઘટના હશે કે શાસક પક્ષ જ સામાન્ય સભામાં ગેરહાજર હોય..!!"

"પણ આમાં જુથબંધી ક્યાં છે..?! અમને એજન્ડા સાથે અસહમતી હતી એટલે અમારા પક્ષવાળાએ નિર્ણય કર્યો કે સામાન્ય સભામાં જવું નહીં..!"

"અહં..! તમે તો જાણે છોકરાઓ ભણાવતાં હોય એમ કહો છો..!! મેયર તમારા પક્ષના ખરા કે નહીં..?! સરકાર તમારા પક્ષની ખરી કે નહીં..?! કમિશ્નર તમારી સરકાર દ્વારા નિમાયેલા કે નહીં..?! એજન્ડા તમારા પક્ષના મેયરે કર્યો કે અમારા પક્ષવાળાએ એજન્ડા બહાર પાડ્યો..?! શું ઉલ્લુ બનાવો છો..!!"

"પણ... મેયર અમારા પક્ષના સભ્યોને કંઈ પુછતા જ નથી..! પોતાની રીતે કામ કરે છે..! એટલે એમને પાઠ ભણાવ્યો..!!"

"હં...અ..!! આમાં આબરૂ કોની ગઈ ?! તમારા પક્ષની...? તમારી સરકારની..? મેયરને અમારા પક્ષમાંથી તમે જ લઈ ગયા'તા ને હરખથી..! અને મોટા મોટા પોંખણા કર્યાતાં..!! છેલ્લા આઠ વરસથી તમે પાછલે બારણે જ સત્તા મેળવો છો..! પછી કર્યા ભોગવો..!!"

"ઓ હો હો...હો..! સાહેબ આજે તો આકરા પાણીએ લાગો છો..! જાણે તમારા પક્ષમાં તો સંતો-મહંતો જ છે બધાં..! કેવી ને કેટલી જુથબંધીઓ છે ને કેટલા નાટકો ચાલે છે તે તો શહેર આખુ જાણે છે..!!"

"જો ભાઈ..! અમારા ત્યાં લડાઈ-ઝગડા થાય છે એની ના નહીં... પણ છાપરે ચડીને નહીં... ઘરમાં જ ઝગડી લઈએ છીએ..! જુઓને શહેરના જન્મદિવસના કાર્યક્રમમાં તમારો એક પણ કોર્પોરેટર હાજર ના રહ્યો..!! તમારો વાંધો મેયર સામે છે કે શહેર સામે..?!"

"સાહેબ..! શહેર સામે તો ના જ હોય ને..?! અમારા પ્રભારી મંત્રી હાજર હતા, શહેરના પ્રમુખ હાજર હતા, પૂર્વ મેયર હાજર હતા અને વરિષ્ઠ આગેવાનો પણ હતા..! માત્ર કોર્પોરેટરો જ ન્હોતા એ વાત સાચી..!"

"છેલ્લી વાત કહું..?! તમારા પક્ષમાં જે લડવું હોય તે લડો... તમારે જેના પગ ખેંચવા હોય એના ખેંચો અમને વાંધો નથી પણ શહેરની પ્રજાને વાંધો એ છે કે પડતર પ્રશ્નો તો ઉકેલો..!! હાજર-ગેરહાજરના નાટકો બંધ કરી ગ્રીન ગાંધીનગર-ક્લીન ગાંધીનગરના સુત્રને સાર્થક કરવા સહિયારો પુરૂષાર્થ કરો..!! તમને સેવાનો મોકો મળ્યો છે ત્યારે દિલથી શહેરના વિકાસનું અને પ્રજાની સમસ્યા ઉકેલવાના કામમાં સમય આપો તેવી લાગણી છે તેવી માંગણી છે."

"હા... સાહેબ હા... સાચી વાત છે..!!"

# મનપાની સામાન્ય સભા ભાજપ માટે 'શરમકથા' બની

**રંગમંચોના ભાડા-વધારાની દરખાસ્ત સ્થાયી સમિતિને પુનઃ વિચારણા માટે મોકલાઈ : સત્તાધારી ભાજપના સભ્યોની ગેરહાજરીનો લાભ કોંગ્રેસે ઉઠાવી સ્થાયી સમિતિના અણઘડ વહીવટને છતા કરાવતાં તંત્ર પર તડાપીટ બોલાવી : મિલ્કતોના રિસર્વેની કામગીરી; રહેણાંક વિસ્તારમાં ચાલતી વાણિજ્ય પ્રવૃત્તિ; આંતરિક માર્ગોની સફાઈ સહિતના મુદ્દાઓ રજુ કરાયા તો સભ્યોની ગ્રાન્ટ વપરાયા પહેલાં ઉધરી જતી હોવાનો આક્ષેપ કર્યો; સ્થાયી સમિતિમાં વ્યક્ત થયેલી લાગણી અને નિર્ણયોને પગલે ટેન્ડરની મુદત વધારાઈનો એકરાર**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્યસભા સત્તાધારી ભાજપ માટે "શરમકથા" બની જવા પામી છે. ક્યારેય ના બની હોય તેવી ઘટના આજે આ સભામાં બની હતી. સત્તાધારી પક્ષે સામાન્યસભાનો બહિષ્કાર કર્યો હતો.

આજની સામાન્યસભામાં કોંગ્રેસે પણ મળેલ મોકાનો લાભ ઉઠાવી વહીવટીય પાંખને બરાબર ભીંસમાં લઈ સ્થાયી સમિતિની વહીવટીય અણઆવડતને છતી કરવાની તક ઝડપી હતી. સ્થાયી સમિતિએ રંગમંચોના કરેલા ભાડા વધારા અંગે પુનઃ વિચારણા કરવા અને ત્યાં સુધી હાલનું ભાડુ જ આકારવામાં આવે તેવો સર્વાનુમતે નિર્ણય કરાવ્યો હતો.

કોંગીના કાઉન્સીલરો જીતુ રાયકા અને રાકેશ પટેલે પણ આજે સોળે કળાએ ખીલ્યા હોય તેવા અણિયાળા સવાલો તંત્રના અધિકારીઓને કર્યા હતા. જયરાજસિંહ અને પિન્કીબેન પટેલે પણ તેમને પૂરક સહયોગ આપી આવેલી તકનો બરાબર લાભ લીધો હતો.

તંત્રએ પણ ડસ્ટબીનોનું વિતરણ જે વિસ્તારોમાં થયુ નથી ત્યાં ઝડપથી કરી દેવામાં આવશે તેવી ખાત્રી આપી હતી એટલું જ નહિ રહેંકાણ વિસ્તારમાં ચાલતા વાણિજ્ય સંકુલો પર પણ દબાણ તંત્ર આગામી દિવસોમાં ત્રાટકશે તેવી હૈયાધારણ આપી હતી.

ઓનલાઈન અને ઓફલાઈનોના ટેન્ડરની મુદતમાં વધારો સ્થાયી સમિતિમાં રજુ થયેલી લાગણી અને કરાયેલા નિર્ણયોને પગલે કરવામાં આવ્યો હોવાનો એકરાર પણ અધિકારીઓએ કર્યો હતો.

પેવર બ્લોકની ગુણવત્તાના મુદ્દે સરકારી લેબોરેટરીમાં થયેલી ચકાસણીમાં ગુણવત્તા બરાબર હોવાનો આવેલો અભિપ્રાય સાથે કાઉન્સીલરોની અસંમતિ જોઈ એક તબક્કે કમિશ્નરે કહ્યુ હતુ કે તમે પેવર બ્લોકનો નમૂનો આપજો આપણે તપાસ કરાવીશુ. તેમણે ત્યાં સુધી કહ્યું હતુ કે પેવર બ્લોકમાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન નહિ થાય.

સામાન્ય સભામાં કોંગ્રેસે રિસર્વેની ચાલી રહેલી કામગીરીને લઈ પણ રોષની લાગણી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે આ કામગીરી જેમને

● અનુસંધાન પાન-૭ પર



## રખડતા-હડકાયા કૂતરાઓને તાકીદે પકડવા રાકેશ પટેલની માંગ

ગાંધીનગર શહેરમાં રખડતા અને હડકાયા કૂતરા પકડવા માટે રાકેશ પટેલે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં કમિશ્નરે જણાવ્યુ હતુ કે આ માટે જે એજન્સી નિયત થઈ હતી તેની પાસે લાયસન્સ ન હોવાથી કામગીરી સોંપાઈ ન હતી.

નવુ ટેન્ડર જારી કરી દેવાયુ છે પણ હાલ કુતરાઓ પકડવાની કામગીરી ફરિયાદ આવેથી કરવામાં આવી જ રહી છે.

રાકેશ પટેલે જણાવ્યુ હતુ કે નવા સેક્ટરોમાં આ સમસ્યા ઘેરી બની છે. બાળકોને કરડવાની ઘટનાઓ બહાર આવી રહી છે તેથી તંત્રએ સવેળા કામગીરી કરવી જોઈએ.

## રંગમંચોના ભાડા વધારાની દરખાસ્ત સ્થાયી સમિતિને પુનઃ વિચારણા કરવા મોકલીએ : બિહોલા

રંગમંચો એ સરકારે તેના સંચાલન માટે મનપાને ભેટ આપી હતી અને તેનો ઉપયોગ ભેટ તરીકે જ કરવો જોઈએ તેવા મંતવ્ય સાથે વિપક્ષી નેતાએ ભાડા વધારાની દરખાસ્ત પર સ્થાયી સમિતિને પુનઃ વિચારણા માટે મોકલી આપવી જોઈએ તેમ જણાવ્યુ હતુ.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ હતુ કે જે દર સરકાર વસુલતી હતી તેમાં બે હજારગણો વધારો કરવાનો આપણને અધિકાર નથી મળતો. રિનોવેશન પણ પ્રજાએ ભરેલા વેરાની આવકમાંથી જ કરાયો છે. પ્રજાને સુવિધા આપવી જોઈએ લૂંટવી જોઈએ નહિ. આ રંગમંચોનો મૂળભૂત હેતુ બદલાવો જોઈએ નહિ. સરકાર હાલ લગ્નવાડીનું સંચાલન કરે છે પણ તેણે ભાવ વધારો કર્યો નથી તો આપણે એવી કઈ જરૂરિયાત ઉભી થઈ કે ભાડા વધારો કરવો પડ્યો ? આ ભાડા વધારાની દરખાસ્ત પુનઃ વિચારણા માટે સ્થાયી સમિતિને પરત મોકલીએ તે જ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું તેમણે જણાવ્યુ હતુ. સભાને અંતે દરખાસ્ત પુનઃ વિચારણા માટે મોકલવાનો નિર્ણય લેવાયો હતો.

## મેયરની વાત સૌએ વધાવી

આજે સામાન્યસભાના પ્રારંભે જ કાઉન્સીલરોના પગાર ભથ્થાના સરકારે કરેલા નિર્ણયને મેયરે વધાવ્યો હતો.

તેમણે કહ્યુ કે ગાંધીનગર સહિત ઘણા બધી મનપાના કાઉન્સીલરોએ આ અંગે રજુઆતો કરી હતી. સરકારે કરેલો નિર્ણય અભિનંદનીય છે અને આજની આ સભા આ માટે મુખ્યમંત્રીનો આભાર માની અભિનંદન પણ પાઠવે છે.

## મેયરે વિપક્ષી નેતાને સભાની ગરીમા જાળવવા શિખામણ આપી

ભાજપ માટે 'શરમ કથા' બનેલી આજની મનપાની સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્યોએ ચેરમેને કમિશ્નર સાથે કરેલા વ્યવહાર, આજની સભાના બહિષ્કાર જેવા મુદ્દા વિપક્ષી નેતાએ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે મેયર પ્રવિણ પટેલે વિપક્ષી નેતાને ટપારતાં કહ્યુ હતુ કે સભાની ગરિમા જાળવો, અહિ કોઈ રાજકીય અવલોકન નહિ થઈ શકે એટલુ જ નહિ તમે માત્ર ને માત્ર તમારો જે મુદ્દો છે તેના વિષય-વસ્તુને વળગી જ વાત કરો.

તેમણે કોંગી સભ્યોને ટપારવામાં કોઈજ કચાશ છોડી ન હતી. પિન્કીબેન પટેલે એજન્ડા મંજૂર થઈ ગયા બાદ પ્રશ્ન ઉભો કરતાં તેમણે નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે હવે તમારી વાત અસ્થાને છે. જળસંચય અભિયાન સરકારનું નહિ પણ જનભાગીદારીથી સરકારે કરેલા સફળ સંકલનનું પરિણામ છે એ સમજવુ જોઈએ.

## રાજકીય તવારીખની નોંધનીય ઘટના સત્તાધારી પક્ષનો જ સભાત્યાગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સત્તાધારી ભાજપે કરેલા બહિષ્કારનો મુદ્દો રાજયના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. કદાચ પહેલીવાર કોઈ સત્તાધારી પક્ષના સભ્યોએ સામાન્ય સભાનો બહિષ્કાર કર્યો હોય.

ભાજપના સભ્યો એવું માનતા હતા કે સત્તાધારી પક્ષના સભ્યોને ના જોતાં મેયર સભા મુલત્વી રાખશે પરંતુ તેવું થયું ન હતું. વિપક્ષના ૧૪ સભ્યોની હાજરી રહી તેથી મેયર માટે આવો નિર્ણય લેવો શકય ન હતો.

ભાજપના સભ્યો એક જ નેતાના દબાણને વશ હતા. સામાન્યસભા શરૂ થતાં જ સભ્યો સ્થાયી સમિતિના ખંડમાં ભેગા થયા હતા તે પછી પોતાના ઘરે જવા રવાના થયા હતા.

ભાજપના કેટલાક આગેવાનો સંકલન સમિતિમાં ચર્ચા થઈ ન હતી તેવી વાતો કરતા જણાયા હતા પણ મનપા માટે કોઈ સંકલન સમિતિ જ નથી. કયારેય સંકલન સમિતિની બેઠક અઢી વર્ષમાં મળી હોઈ તેવું બહાર પણ નથી આવ્યું. સભા પહેલાં સામાન્યતઃ મેયરની ચેમ્બરમાં સભ્યો ભેગા થતા હોય છે પણ આજે આવું થયું ન હતું અને સભ્યો સ્થાયી સમિતિના સભાખંડમાં એકત્ર થયા હતા.

આ વાત બહાર આવતાં જ કંઈક નવા જૂની થશે તેવું મનાતું હતુ પરંતુ તેમ ના થયું ઉપરથી ચાલ ઊંધી પડી અને રંગમંચોના ભાડા વધારાની દરખાસ્ત સ્થાયી સમિતિની પુનઃ વિચારણા માટે મોકલવાનો નિર્ણય લેવાયો.

ભાજપની સભાના બહિષ્કારની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ભાજપના ઘણા બધા સિનીયર આગેવાનો અને કાર્યકરોએ તો મૌન ધારણ કરી લીધું છે.

હવે આ મુદ્દે મેયરને સ્થાયી સમિતિના ચેરમેન બંને નેતાઓ પ્રદેશ નેતાગીરીને યોગ્ય ફોરમમાં રહી રજુઆત કરવામાં આવશે તેવું તેમના નિકટવર્તી સાધનો જણાવી રહ્યા છે.

# ન્યુ ગાંધીનગરમાંથી ૬૦ દબાણોનો સફાયો

**ગુડાએ બે પાકી દુકાનો સહીત ૬૦ દબાણો હટાવ્યા : બે દુકાનો પાર્કીંગ શેડ, ૪૦ લારી ગલ્લાના દબાણો દુર કરાયા : મેન પાવર અને મશીનરી સાથે દબાણની ટીમ ત્રાટકી : આજે પણ ઝુંબેશ યથાવત રહેશે**




ગાંધીનગર તા ૩

ગાંધીનગરને દબાણ મુક્ત કરવા માટે સફાળા જાગેલા તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સ્માર્ટ સીટીમાં નગરનો સમાવેશ થયા બાદ શહેરમાંથી દબાણનો સફાયો દુર કરવા માટે મહાનગરપાલિકાના દબાણતંત્રની ટીમ કામે લાગી છે. જો કે આ ઝુંબેશના અંતે નગરના કેટલાક ઠેકાણે પુન : દબાણો ગોઠવાઈ પણ ગયા છે. દબાણો કાયમી દુર થાય તે પ્રકારે આયોજનબધ્ધ અને અસરકારક કામગીરી દાયકાઓના અંતે પણ થઈ શકી નથી. શહેરના પાર્કીંગ પ્લેસ સહીત કોર્મશિયલ કોમ્પ્લેક્ષો આસપાસ પણ દબાણોનો ઘેરાવો જોવા મળી રહયો છે. નગરમાં લારી ગલ્લા ઉપરાંત કાચા પાકા દબાણોએ પણ ભરડો લીધો છે. જયારે શહેર ઉપરાંત ગુડા વિસ્તારમાં પણ દબાણોએ અજગર ભરડો લીધો છે. ન્યુ ગાંધીનગરે વિકાસની હરણફાળ ભરી છે. નવા મકાનો દુકાનો અને કોર્મશિયલ કોમ્પ્લેક્ષ સહીતનુ હાઈટેક બજાર ધમધમી રહયુ છે. ત્યારે આ વિસ્તારમાં દબાણોની સંખ્યા પણ વધતી જાય છે. તંત્રની રોકટોકના અભાવ વચ્ચે અત્યાર સુધી ગાંધીનગરનો આ નવ વિકસિત વિસ્તાર સંપુર્ણ રીતે દબાણની ગિરફતમાં આવી ગયો છે. જયારે આ સ્થિતિ વચ્ચે આજથી ગુડાના તંત્રએ દબાણ હટાવ ઝુંબેશ આરંભી દીધી છે. ગુડા દ્વારા આ વિસ્તારમાં દબાણની મહાઝુંબેશ હાથ ધરવા માટે તંત્રના

● અનુસંધાન પાન-૭ પર

## દબાણ હટાવ ઝુંબેશ માટે બે જે સી બી અને ટ્રેકટર સાથે ૩૦ કર્મચારીઓની ટીમ

ગુડા વિસ્તારમાંથી દબાણોનો સફાયો કરવા માટે આજથી તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. ગુડા વિસ્તારમાં દબાણ દુર કરવાની કામગીરી અન્વયે અત્યાર સુધી કોઈ પગલા લેવાયા ન હોવાથી દિનપ્રતિદિન કાચા પાકા દબાણોની સંખ્યા વધતી ગઈ છે. જયારે હવે દબાણોએ અજગર ભરડો લેતા સફાળા જાગેલા ગુડાના તંત્રએ આજે દબાણોનો ખાતમો કરવા ઝુંબેશ હાથ ધરી હતી. દબાણ હટાવ ઝુંબેશ માટે ગુડાની ટીમ દ્વારા બે જે સી બી, બે ટ્રેકટર, ૫૦ મજુર અને ૩૦ કર્મચારીઓની ટીમ કામે લાગી હતી. જયારે દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન સ્થળ પર પોલીસ બન્દોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો.

## જુના સચિવાલય સ્થિત રેલવે રીઝર્વેશન કાઉન્ટર પર ટ્રેઈનના સમયપત્રકનુ લોકાર્પણ

**નગરના જન્મદિવસ નિમિત્તે શહેર વસાહત મહામંડળ દ્વારા રેલયાત્રિકા માટે બાર્ડ મુકાયુ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના જન્મદિવસ નિમિત્તે જુના સચિવાલયમાં સ્થિત જીવરાજ મહેતા ભવન ખાતે સ્થિત રેલવે રીઝર્વેશન કાઉન્ટર પર રેલવેનુ સમયપત્રક દર્શાવતુ બોર્ડ મુકવામાં આવ્યુ છે. રેલવેના વિવિધ રૂટને અનુલક્ષી મુસાફરોને સમય સહીતની માહીતી મેળવવા માટે કાઉન્ટર પર પુછતાછ કર્યા વિના બોર્ડના આધારે માહીતી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળ દ્વારા આ બોર્ડ મુકવામાં આવ્યુ છે. જેમાં વિવિધ ૧૫૦ જેટલી ટ્રેઈનોના સમય દર્શાવાયા છે.




ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરના ૫૪ માં જન્મદિવસની ઉજવણી અન્વયે જુના સચિવાલયમાં સ્થિત રેલવે રીઝર્વેશન સેન્ટર પર રેલવેની વિવિધ ટ્રેઈનોના સમય દર્શાવતુ બોર્ડ મુકવામાં આવ્યુ હતુ. આમ નાગરિકોને વિવિધ ટ્રેઈનનો સમય જાણવા માટે કાઉન્ટર પર પુછતાછ ન કરવી પડે તે માટે આ બોર્ડ મુકવામાં આવ્યુ છે. જયારે આવનારા પ્રત્યેક મુલાકાતીઓને બોર્ડ પરથી ૧૫૦ જેટલી ટ્રેઈનની માહીતી મળી રહે તે માટે બોર્ડ મુકાયુ છે. રેલવેના ડિવિઝનલ મેનેજર જયેશ પરમાર, સી આર એસ ડી કે પરમારે આ મામલે મંજુરી આપ્યા બાદ સંકેત જોષી અને કાઉન્ટર પર સેવા આપતા પ્રકાશભાઈના સહયોગથી આ બોર્ડ મુસાફરોની સેવા માટે મુકવામાં આવ્યુ છે. રેલવે સમયપત્રકના લોકાર્પણ માટે મહામંડળના કીશોર જીકાદરા, નિતીન પટેલ, સુધીર દેસાઈ, પ્રદીપ સોલંકી અને બી એ શુકલ, કશ્યપ મહેતાએ સહયોગ પુરો પાડયો હતો.

## બેસણું



ગં.સ્વ.હીરાબેન વસંતરાય પંડ્યાની સુપુત્રી **અ. સૌ. મિતુલાબેન પંકજકુમાર ઓઝા** ભાવનગર નિવાસી (**હાલ સિધ્ધિગ્રામ વેરાવળ**) નું તા.૨-૮-૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૪-૮-૧૮ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૭ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ: તિરૂપતિ બાલાજી મંદિર હોલ, શોપીંગ સેન્ટર પાસે, સે-૧૬, ગાંધીનગર**

| | |
|---|---|
| પંકજકુમાર હરિનંદ ઓઝા | ભાવના વસંતરાય પંડ્યા |
| ચેતનભાઈ હરિનંદ ઓઝા | કલા રાજેન્દ્રકુમાર જોષી |
| અભયભાઈ હરિનંદ ઓઝા | તરૂલતા દિલિપકુમાર ભટ્ટ |
| કુ.મેશ્વા પંકજકુમાર ઓઝા | પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે તથા સમયે રાખેલ છે |
| કુ.રાજવી પંકજકુમાર ઓઝા | |
| દેવ અભયભાઈ ઓઝા | |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com